# સાફલ્ય ગાથા,અમદાવાદ ગ્રામ્ય.

## અઠવાડિક તા.૦૪/૦૬/૨૦૧૮ થી તા.૧૦/૦૬/૨૦૧૮

## અખબારી યાદી તા.૦૭/૦૬/૧૮

**અમદાવાદ ગ્રામ્ય જીલ્લાના બોપલ પો.સ્ટે.ની હદના શીલજ પાસેથી રીક્ષા નં G.J.01 7026 મા ભારતીય બનાવટનો વિદેશી દારૂ ૭૫૦ એમ.એલ.ની બોટલ નંગ ૪૨ કિ.રૂ.૧૬,૮૦૦/- તથા સી.એન.જી. રીક્ષા કિ.રૂ.૮૦,૦૦૦/- તથા મોબાઇલ ફોન નંગ – ૧ કિ.રૂ. ૧૦૦૦/- મળી કુલ કિ.રૂ.૯૭,૮૦૦/- નો મુદ્દામાલ પકડી પાડતી એસ.ઓ.જી. શાખા અમદાવાદ ગ્રામ્ય**

અમદાવાદ ગ્રામ્ય જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તેમજ ગંભિર પ્રકારના બનતા ગુન્હાઓ અટકાવવા તેમજ ગેરકાયદેસર પ્રવૃતી કરતાં ઇસમો ઉપર વોચ રાખવા તેમજ જીલ્લા કાર્યક્ષેત્ર વિસ્તારમાં સખતમાં સખત પેટ્રોલીંગ રાખી કોઇ અનિચ્છનિય ઘટના ન બને તે સારૂ તેમજ દારૂ/જુગારની પ્રવૃતી સંપૂર્ણ પણે નેસ્ત નાબુદ કરવા તેવી પ્રવૃતી કરનાર ઇસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહિ કરવા સારૂ અમદાવાદ ગ્રામ્ય ઇ.પોલીસ અધિક્ષક શ્રી એમ.એન.જાડેજા સાહેબ નાઓએ એસ.ઓ.જી. શાખાના પો.સ.ઇ. શ્રી વી.એમ.કોલાદરા તથા પો.સ.ઇ. એન.એ.રાયમા તથા પો.સ.ઇ. આર.એફ.રાણા નાઓને સુચના કરેલ હોય જે આધારે તા.૦૭/૦૬/૨૦૧૮ ના રોજ એસ.ઓ.જી. શાખાના કર્મચારીઓ બોપલ પો.સ્ટે.ની હદના શીલજ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન ખાનગી રાહે હકીકત મળેલ કે, એક સી.એન.જી.રીક્ષા નં G.J.01 TA 7026 ની કડી થી ભારતીય બનાવતનો વિદેશી દારૂ પોતાની ઉપરોક્ત રીક્ષામા લઇ ભરી સીલજ સર્કલ થઇ સરખેજ તરફ જનાર છે જે હકીકત આધારે ઉપરોક્ત જગ્યાએ એસ.ઓ.જી. શાખા કર્મચારીઓ સાથે વાહન ચેકીંગમાં હતાં દરમ્યાન હકીકત વાળી સી.એન.જી.રીક્ષા આવતા રીક્ષા રોડ સાઇડમા ઉભી રખાવી જે રીક્ષા નંબર જોતા G.J.01 7026 ની હતી જેના ચાલકનુ નામઠામ પુછતા પોતાનુ નામ એઝાઝહુસેન અબ્દુલરહેમાન લુહાર (મુસ્લીમ) ઉ.વ.૨૭ રહે.સરખેજ મકરબા રોડ હુસેની હોટલની સામે રાજીવનગર સરખેજ અમદાવાદ શહેર નો જણાવેલ અને સદરીને સાથે રાખી રીક્ષાની જડતી તપાસ કરતા સદર રીક્ષા ની પાછળની સીટ ના નીચેના ભાગે એક ખાનામાં ૪૨ નંગ બ્લુ મુડ પ્રીમીયમ રેર ગ્રીન બ્લેન્ડ વ્હિસ્કી ૭૫૦ મી.લી.ની કિ.રૂ.૧૬,૮૦૦/- ની તથા સી.એન.જી. રીક્ષા નંબર G.J.01 TA 7026 કિ.રૂ.૮૦,૦૦૦/- તથા તેની અંગ જડતીમાંથી મોબાઇલ ફોન નંગ – ૧ કિ.રૂ.૧૦૦૦/- મળી કુલ કિ.રૂ. ૯૭,૮૦૦/- ના મુદામાલ સાથે સદરી આરોપી પકડાઇ ગયેલ હોય જેથી ઉપરોક્ત આરોપી વિરૂધ્ધ બોપલ પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં.૧૨૩/૨૦૧૮ પ્રોહી એક્ટ કલમ ૬૫એઇ, ૧૧૬(૧)બી, ૮૧, ૯૮(૨) મુજબ ગુન્હો રજી. કરાવવામાં આવેલ છે. અને આગળની તપાસ એસ.ઓ.જી. શાખા દ્વારા હાથ ધરેલ છે.

| | |
|---|---|
| આરોપી :- | એઝાઝહુસેન અબ્દુલરહેમાન લુહાર (મુસ્લીમ) ઉ.વ.૨૭ રહે.સરખેજ મકરબા રોડ હુસેની હોટલની સામે રાજીવનગર સરખેજ અમદાવાદ શહેર |
| પકડાયેલ મુદામાલ :- | (૧) બ્લુ મુડ પ્રીમીયમ રેર ગ્રીન બ્લેન્ડ વ્હિસ્કી ૭૫૦ મી.લી.ની બોટલ નંગ – ૪૬ કિ.રૂ.૧૬,૮૦૦/-<br>(૨) સી.એન.જી. રીક્ષા નં. G.J.01 TA 7026 કિ.રૂ.૮૦,૦૦૦/-<br>(૩) મોબાઇલ ફોન નંગ – ૧ કિ.રૂ.૧૦૦૦/- |






## <u>પ્રેસ નોટ</u>

### <u>*“એસ.ઓ.જી. શાખા અમદાવાદ ગ્રામ્ય દ્વારા એક શખ્સની હથીયાર સાથે કરેલ ધરપકડ”*</u>

હાલમાં મુસ્લીમ સમાજનો પવિત્ર રમઝાન માસ ચાલુ હોય જે અનુસંધાને જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી થાય તેમજ ગંભિર પ્રકારના ગુન્હાઓ બનતા અટકાવવા તથા ગેરકાયદેસર પ્રવૃતી કરતાં ઇસમો ઉપર વોચ રાખવા તથા ગેર કાયદેસર હથીયારો રાખતા તથા હથીયારોની હેરાફેરી કરતાં તથા ગેર કાયદેસર હથીયારો શોધી કાઢવા માટે ઇ.જીલ્લા પોલીસ અધિક્ષક શ્રી એમ.એન.જાડેજા સાહેબ નાઓએ એસ.ઓ.જી. પો.સ.ઇ. શ્રી વી.એમ.કોલાદરા તથા

એન.એ.રાયમા તથા આર.એફ.રાણા નાઓને સુચના તથા માર્ગદર્શન આપેલ જેઓની સીધી દેખરેખ હેઠળ એસ.ઓ.જી. શાખા અમદાવાદ ગ્રામ્ય દ્વારા ગઇ તા.૦૬/૦૬/૨૦૧૮ ના રોજ એસ.ઓ.જી. કામગીરી દરમ્યાન મળેલ આધારભુત માહિતી આધારે નાના હરીપુરા ગામની સીમમાંથી ગુલાબભાઇ નુરાભાઇ ડફેર (સંધી) રહે.નાના હરીપુરા ગામની સીમ તા.વિરમગામ જી.અમદાવાદ વાળાને એક દેશી હાથ બનાવટની મજલલોડ બંદુક કિ.રૂ.૫૦૦૦/- ની ગેરકાયદેસર પોતાના કબજા ભોગવટામાં વગર લાયસન્સે રાખી પકડાઇ જતાં તેના વિરૂધ્ધમાં વિરમગામ રૂરલ પોલીસ સ્ટેશનમાં આર્મ એક્ટ મુજબ ગુન્હો રજી. કરાવવામાં આવેલ છે. અને આગળની તપાસ વિરમગામ રૂરલ પો.સ્ટે. દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

| આરોપી :- | હથીયારની વિગત :- |
|---|---|
| ગુલાબભાઇ નુરાભાઇ ડફેર (સંધી) રહે.નાના હરીપુરા ગામની સીમ તા.વિરમગામ જી.અમદાવાદ | એક દેશી હાથ બનાવટની બંદુક કિ.રૂ.૫૦૦૦/- |



આમ અમદાવાદ ગ્રામ્ય એસ.ઓ.જી તથા સ્થાનીક પોલીસ ધ્વારા સદરી વીક દરમ્યાન ઉક્ત સારી અને પ્રસંશનિય કામગીરી કરવામાં આવેલ છે.

(મનોહરસિંહ એન.જાડેજા)
ઇ/ચા.પોલીસ અધિક્ષક
અમદાવાદ રૂરલ અમદાવાદ